Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





| પુસ્તક ૭૪ મું<br>અંક ૧ | કારતક | વીર સં. ૨૪૮૪<br>વિ. સં. ૨૦૧૪ |
| --- | --- | --- |


## શ્રી જૈન ધર્મ પ્રકાશ

( વીરજીને ચરણે લાગું–એ રાગ )

શ્રી વીર પ્રભુને ચરણે વાંદું, નૂતન વર્ષ પ્રભાતે રે;
જૈન જગતમાં મહાગુરુજી, ગૌતમનું કેવળજ્ઞાન રે. ૧

ન રાગ, ન ઈર્ષ્યા, ન કલહ જીવનમાં, નવલ નાદ સુણાવે રે;
ધનાદિકનો મોહ તજાવે, વહ્નિ ક્રોધનો ઠારે રે. ૨

રક્ષા કરવા જીવ માત્રની, સહર્ષ ભાવો થાવે રે;
મન મરકટને તાબે રાખી, અખંડ શાંતિ સાધે રે. ૩

પ્રકાશ વ્યાપે સત્યતણો ને, ભિષણ દોષો નાસે રે;
કામ લોભને દૂર નિવારે, નંદન ત્રિશલાકેરા રે. ૪

શમન થાઓ દુર્ગુણોનું, દહન કર્મનું થાઓ રે;
ૐકારમાં લીન બનીને, નવલ મોક્ષગતિ પામો રે. ૫

શ્રી દુર્લભદાસ ત્રિભોવનદાસ ગાંધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश अचल रहो

શ્રી દેવ ગુરુને ચરણે નમીને, સમરી માતા શારદા;
જૈન ધર્મ જે મળ્યો મુજને, વચ કાયથી કરું અદા.
નરભવ પામી શિવગતિકામી, અંતર્દૃષ્ટિ નિહાળજો;
ધર્મધ્યાનમાં પાપસ્થાનો, બંધ કરી સંભાળજો.
રસનાની લોલુપતાથી, પાપ અનેક બંધાય જે;
મન મર્કટને વશ રાખો, લાભ અનંતા થાય છે.
પ્રગટ પાપો કરતાં અધિક, અંતરિક જે જાણવા;
કામ ક્રોધને લોભવશે, આવતા અટકાવવા.
શક્તિ કદી નવ ગોપવો, જેહ ધર્મકાર્યને વિશે;
સદાય દયા દીલમાં ધરો, અહિંસા ધર્મને વિશે.
દાન શિયલ તપ ભાવના જે, ધર્મના ચાર પ્રકાર તે;
અતિ ઉદારતાથી દરેક રીતે, પાળતાં અતિ લાભ છે.
ચપળતાને દૂર કરીને, સ્થિરતા મનમાં ધરો;
લવલેશ પણ પ્રમાદ છોડી, બહિર્દૃષ્ટિ પરિહરો.
રક્ષા કરશે શાસનદેવી, નૂતન વર્ષ નિહાળતાં;
હોશે પ્રકાશ કંચન ભાસ્કર, ધર્મધ્યાન સંભાળતા.

—મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી

●

## ॥ नूतन वर्षाभिनंदन ॥

(मालिनी)

विकलितमतिहृद्यैर्गद्यपद्यैश्चिरत्नम्,
जिनवरमतबोधोद्बोधकं सुप्रतिष्ठम् ।
विघटितमतिगाढाऽज्ञानमुच्चैः प्रकाशं,
विलसतु भुवि नित्यं जैनधर्मप्रकाशम् ॥

मुनि हेमचन्द्रविजयः



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# नूतन वर्षाभिनंदन

કાળચક્રના અનંત મહાસાગરમાં વિ. સં. ૨૦૧૩ નું વર્ષ વિલીન થઇ ગયું છે. જેમ ગુલાબને કાંટા છે તેમ જ સૌરભ–સુવાસ પણ છે તેવી જ રીતે ગત વર્ષના તેજ અને છાયા તથા આઘાત–પ્રત્યાઘાતો પણ છે. સંવત્સરી જેવા મહામૂલા પર્વપ્રસંગે કોઇ કોઇ સ્થળે વિખવાદ જન્મ્યો હતો તો કોઇ પણ પ્રકારે સંગઠિત થવાનો અને એક જ દિવસે સંવત્સરી કરવા માટે પ્રયાસ કરવાનો નિર્ણય પણ લેવાયો હતો. અને તે દિશામાં શ્રદ્ધાપૂર્વક પૂર્ણ પ્રયાસ કરવાની અમે વિજ્ઞપ્તિ પણ કરીએ છીએ. સામાજિક ઉત્કર્ષ તેમ જ મધ્યમ વર્ગના શ્રેયના કેટલાય પ્રશ્નો વિચારણા માગી રહ્યા છે તે દિશામાં પણ આગેકદમ ભરાય તેવી ઇચ્છા સેવીએ છીએ.

જડવાદનું જોર અને અસર પ્રતિદિન વિકસતા જ જાય છે. આ પરિસ્થિતિમાં સમાજે ધાર્મિક કેળવણીના પ્રચાર પરત્વે પૂરતું લક્ષ આપવું જરૂરી છે. કોઇ કોઇ સ્થળે તો માત્ર આગેવાનોની ઉપેક્ષાને કારણે જ, સારી રીતે વિકાસ પામેલી પાઠશાળાઓ પણ "રગશીયા ગાડા"ની માફક, માત્ર 'પાઠશાળા ચાલે છે' તેવું બતાવવા માટે જ ચલાવાઈ રહી છે. જૈન ધર્મ આધ્યાત્મિક ભૂમિકા પર રચાયેલો છે, તેના મૂળમાં જ ત્યાગ અને તપશ્ચર્યા રહેલા છે; અને એટલે જ કન્યાશાળા કે પાઠશાળાઓ પરત્વે પૂર્ણ લક્ષ આપી તેના વિકાસનો પ્રારંભ થવો ઘટે.

"શ્રી જૈન ધર્મ પ્રકાશ" નિયમિતપણે તોંતેર વર્ષ પૂર્ણ કરી શાસનદેવની કૃપાથી ચુમોતેરમા વર્ષમાં પ્રવેશ કરે છે તે અમારે મન ગૌરવની સાથોસાથ આનંદનો વિષય છે. આપણા સમાજમાં કોઇ પણ માસિક "પ્રકાશ" જેટલું જૂનું અને નિયમિત નથી. "શ્રી જૈન ધર્મ પ્રકાશ"નું પ્રાકટ્ય પણ "ધાર્મિક કેળવણી તથા ધાર્મિક વિચારનો પ્રચાર" એ જ હેતુને અનુલક્ષીને કરવામાં આવ્યું હતું અને અમને જણાવતાં હર્ષ થાય છે કે ઉપરોક્ત હેતુને સાર્થક કરતાં, અત્યાર સુધીમાં સભાએ વિધવિધ પાંચસો જેટલા ગ્રંથો પ્રકાશિત કરી જૈન સમાજમાં અગ્રગણ્ય સ્થાન પ્રાપ્ત કર્યું છે. મોંઘવારીની માત્રા વધતા હાલ તુરત તે 'સરવાણી' ઓછી થઇ ગઇ છે, છતાં અનુકૂળ સંયોગો પ્રાપ્ત થતાં પુસ્તક–પ્રકાશનની અમારી યોજના સાકાર સ્વરૂપ ધારણ કરશે અને તે માટે અમો સખાવતી સદ્‌ગૃહસ્થોનો સહકાર માગીએ છીએ.

"પ્રકાશ"ની લોકપ્રિયતા ખાસ કરીને તેના લેખકોને આભારી છે. ગત વર્ષમાં, પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય, આચાર્ય મહારાજશ્રી વિજયમહેંદ્રસૂરીશ્વરજી મહારાજ, તપસ્વી મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી, મુનિરાજશ્રી રુચકવિજયજી, મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુનિરાજશ્રી મનમોહનવિજયજી વિગેરે તેમ જ શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી, શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા M. A. શ્રી દુર્લભદાસ ત્રિભોવનદાસ ગાંધી, ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા M B. B. S. વિગેરે લેખકોએ "પ્રકાશ"ના દેહને પુષ્ટ કર્યો છે તે માટે તે સર્વનો આભાર વ્યક્ત કરવામાં આવે છે અને નૂતન વર્ષમાં પણ તે સર્વનો અવિરત સહકાર ચાલુ રહેશે તેવી અપેક્ષા રાખીએ છીએ.

ધાર્મિક પ્રવૃત્તિને વેગ મળે તે સભાનો ખાસ ઉદ્દેશ રહ્યો છે. છેલ્લા ત્રણેક વર્ષથી સભામાં "અભ્યાસ-મંડળ"ની પ્રવૃત્તિ ચાલી રહી છે, જેમાં દર રવિવારે બપોરના સેંકડો ભાઇઓ લાભ લઈ રહ્યા છે. હાલ તુરત શ્રી આનંદઘનજીની ચોવીશી અંગે વિવેચન થઈ રહ્યું છે. ધાર્મિક વિભાગની લાઈબ્રેરીમાંથી પણ વાંચન અંગે સારો લાભ લેવાઇ રહ્યો છે.

ગત વર્ષે મુંબઈખાતે શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું વીશમું અધિવેશન મળી ગયું અને સામાજિક ક્ષેત્રે પ્રગતિ કરવાની રૂપરેખા દોરવામાં આવી છે. હજી આપણે રાજકીય ક્ષેત્રનો પૂરતો લાભ ઉઠાવી શકતા નથી, જે ખરેખર વિચારણીય પ્રશ્ન બની રહે છે. રાજકીય ક્ષેત્રમાં જે જે સ્થાને જૈનોએ પ્રવેશ કર્યો છે ત્યાં ત્યાં તેઓની કાર્યકુશળતા ચમકી ઉઠી છે. એટલે સમાજે આ દિશામાં સક્રિય આંદોલન ઊભું કરવું જોઈએ એમ અમને લાગે છે. રાજકીય ક્ષેત્રમાં પડવાથી, આપણે ભગવાન મહાવીરના જન્મદિનને જાહેર તહેવાર તરીકે સ્વીકારાવી શકીએ તેમ જ અહિંસા-આંદોલનને પૂરતો વેગ આપી શકીએ.

"પ્રકાશ" પોતાની શૈલીએ સમાજ સમક્ષ સાત્ત્વિક સાહિત્ય પીરસી રહ્યું છે. તેના વાંચકો અવાર-નવાર પત્રદ્વારા અમને જે પ્રોત્સાહન આપી રહ્યા છે તે અમારે મન આનંદનો વિષય છે અને યથાશક્તિ વિશેષ રોચક ને સમૃદ્ધ સાહિત્ય પીરસવાની અમારી મુરાદ રહે છે. નૂતન વર્ષ સર્વ લાઈફ મેમ્બરો, સભાસદ બંધુઓ અને "પ્રકાશ"ના ગ્રાહક બંધુઓને સુખરૂપ, અભ્યુદયસાધક નીવડો તેમ પ્રાર્થી વિશ્વ-વાત્સલ્યની ભાવના દિનોદિન વૃદ્ધિ પામો અને પ્રત્યેક પ્રાણી સુખી થાઓ એવી પ્રાર્થના સહ વિરમું છું.

દીપચંદ જીવણલાલ શાહ

સામાયિકમાં વાંચવા માટે

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ
**જ્ઞાનસાર**-ગુજરાતી અનુવાદ સાથે-અવશ્ય વાંચો
મૂલ્ય રૂપિયા ૨-૦-૦ લખો:—શ્રી જૈન ધ. પ્ર. સ.-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પત્રમાં તત્ત્વજ્ઞાન લેખાંક : (૭)

લેખક : પંન્યાસશ્રી ધુરંધરવિજયજી ગણિવર્ય

[ પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ શ્રી યશોવિજયજી મહારાજે ખંભાતથી જેસલમેર શ્રાવકો- શાહ હરરાજ – શાહ દેવરાજ ઉપર લખેલ તત્ત્વજ્ઞાનથી ભરપૂર કાગળ સમજૂતી સાથે. ]

મૂલ પત્ર—

'मोहनीय विना वेदनीय कर्म स्वविपाक न देखावई' इस्युं कहें छें, ते पणि–युक्तिशून्य, इम कहतां नामकर्मोदयजनित देशनादिक केवलिनें किम घटें? जो कहस्यो 'ते नियत देश नियतकाल केवलिनइं स्वभावेंज होई, पणि–इच्छाई न होई, ते माटइं मोहनीयकर्मनी अपेक्षा न छइं–उक्तं च प्रवचनसारे

ठाण–निसेज्ज–विहारा,
धम्मुवदेसो य नियदिणा तेसिं ।
अरहंताणं काले,
मायाचारोव्व इत्थीणं ॥ १–४४ ॥"

तो–कवलाहारो पणि नियतदेशकाल इच्छा विना केवेलिनें मानतां स्युं जाय छई?

× × ×

कोइक कहस्ये–'घातीमध्ये गणिया, माटे घाती–समान वेदनीय कर्मज कहियुं छई, ते घातिकर्म गया पछीइं केवलिनें स्वविपाक किम दिखावई?

उक्तं च कर्मकाण्डे–

घादिव वेदणीयं, मोहस्सुदएण घाददे जीवं। इत्यादि

घादिणं मज्झे तम्हा, गणिदं दुवेदणियं

ते पणि युक्तिशून्य जाणवुं. जे माटें ज्ञानावरणीय–दर्शनावरणीय–मोहनीय मध्यें जिंउ वेदनीय कहिंउं, तिउं आयु–नाम–गोत्र–कर्म पणि मोह–अंतराय मध्ये ज कहियां, तिवारइं–ते पणि–घातिवत् हुइ जाइं, ते माटें–ए सर्व पक्षपात कल्पना जाणवी.

× × ×

('મોહનીય વિના વેદનીયકર્મ પોતાનો વિપાક ન બતાવે,' એમ કહે છે, તે પણ યુક્તિશૂન્ય. એમ કહેતાં–નામકર્મોદયજનિત દેશનાદિક કેવળીને કેમ ઘટે? જો કહેશો–'તે નિયતદેશ નિયતકાળ કેવળીને સ્વભાવે ન હોય, પણ ઇચ્છાયે ન હોય, તે માટે મોહનીય કર્મની અપેક્ષા નથી. ઉક્તં ચ–પ્રવચનસારે –ઠાણ ૧–૪૪–'

તો કવલાહાર પણ નિયતદેશકાલ ઇચ્છા વિના કેવળીને માનતા શું જાય છે?

× × ×

કોઇ–કહેશે–'ઘાતી મધ્યે ગણ્યું માટે ઘાતી સમાન વેદનીય કર્મ જ કહ્યું છે, તે ઘાતિકર્મ ગયા પછી કેવળીને પોતાનો વિપાક કેમ બતાવે?'

ઉક્તં ચ–કર્મકાંડે–घादिव–घादीणं–'

એ પણ યુક્તિશૂન્ય જાણવું. જે માટે જ્ઞાનાવરણીય–દર્શનાવરણીય–મોહનીય મધ્યે જેમ વેદનીય કહ્યું, તેમ આયુ–નામ–ગોત્ર કર્મ પણ મોહ–અંતરાય મધ્યે જ કહ્યાં, તેથી તે પણ ઘાતિ જેવા થઇ જાય એટલે એ સર્વ પક્ષપાત કલ્પના જાણવી.

(સમજૂતી)–દિગમ્બરો કેવળીને કવલાહાર માનતા નથી, પણ વેદનીય કર્મનો ઉદય તો માને છે. વેદનીય કર્મના ઉદયથી ક્ષુધા લાગે અને તે દૂર કરવા માટે આહાર લેવો પડે.

વેદનીય કર્મ અન્ય કર્મની જેમ જો ઉદયમાં આવે અને પોતાનો વિપાકાનુભવ કરાવે તો કવલાહારનો નિષેધ કરવાનું કાર્ય વિષમ બને, એટલે તેઓને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેદનીય કર્મ પોતાનો વિપાક બતાવવા અસમર્થ છે, એ પ્રમાણે સમજાવવું પડે છે.

એ માટે તેઓ વેદનીયકર્મને મોહનીયકર્મ સાથે જોડી દે છે અને કહે છે કે મોહનીયકર્મ ઉદયમાં હોય ત્યાં સુધી વેદનીયકર્મ પોતાનો વિપાક દેખાડે અને મોહનીયકર્મનો નાશ થઈ જાય એટલે વેદનીય-કર્મ પોતાનો વિપાક દેખાડે નહિં. દિગમ્બરોનું ઉપરોક્ત કથન અપ્રામાણિક છે, એ કથનમાં કોઇ પ્રમાણ તો નથી પણ જે યુક્તિ બતાવી છે તે પણ નિર્જીવ છે.

મોહનીયકર્મની સાથે હોય ત્યારે જ વેદનીયકર્મ પોતાનો વિપાક બતાવે, અન્યથા નહિ એમ કેમ બને? જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-મોહનીય અને અંતરાય -એ ચાર કર્મ ઘાતીકર્મ છે અને વેદનીય-આયુ-નામ અને ગોત્ર એ ચાર કર્મ અઘાતીકર્મ છે, એ હકીકત દિગમ્બરોને પણ માન્ય છે.

જો વેદનીયકર્મ પોતાનો વિપાક મોહનીયની સાથે બતાવે તો નામકર્મ કેમ ન બતાવે? અને નામકર્મ પણ એ પ્રકારનું છે એમ માનવામાં આવે તો કેવળી ભગવંતને દેશના, વિહાર વગેરે કેમ ઘટે? દેશનાદિ તીર્થંકરનામ-કર્મના ઉદયને કારણે થાય છે. મોહનીયકર્મ નાશ પામ્યા પછી જે પ્રમાણે વેદનીયકર્મ પોતાનો વિપાક બતાવતું નથી, તે પ્રમાણે નામકર્મ પણ પોતાનો વિપાક બતાવશે નહિં.

દેશનાદિકને માટે જો એમ કહેશો કે-એ તો નિયતદેશ અને નિયતકાલ કેવળી ભગવંતોને સ્વાભાવિક હોય છે. પણ ઈચ્છાપૂર્વક હોતા નથી. એટલે દેશના-દિકમાં મોહનીયકર્મની અપેક્ષા નથી.

આ વાત પ્રવચનસારમાં કહી છે કે-

ठाण–निसेज्ज–विहारा,
धम्मुवदेसो य नियदिणा तेसिं ।
अरहंताणं काले,
मायाचारोव्व इत्थीणं ॥१–४४॥

( સ્થાન-નિષદ્ય-વિહાર અને ધર્મોપદેશ તે અરિહંતોને કાળે નિયતિથી થાય છે. સ્ત્રીઓને માયાચારની માફક. )

'જેમ સ્ત્રીઓને માયા સ્વાભાવિક હોય છે, તેમ કેવળી ભગવંતોને સ્થાનાદિ સ્વાભાવિક હોય છે પણ તેમાં ઈચ્છાદિની અપેક્ષા નથી' જો એ પ્રમાણે સ્થાનાદિ નિયતિથી નિયત માનવામાં કોઇ બાધ નથી તો તે જ પ્રમાણે કવલાહારને પણ નિયતિથી નિયત માની લ્યો. કવલાહારને માનવામાં બાધ શો છે? ઈચ્છા-લાલસા વગર કવલાહાર કરી શકાય છે. કવલા-હાર કરવામાં ઈચ્છા-લાલસા હોવી જોઈએ જ એવું કાંઇ નથી.

× × ×

વળી કોઇ દિગમ્બર વેદનીયકર્મ મોહનીય સિવાય પોતાનો વિપાક દર્શાવતું નથી. એ વાતની પુષ્ટિમાં એક વિચિત્ર તર્ક ચલાવે છે. તે કહે છે કે-વેદનીયકર્મ છે તો અઘાતી-પણ ઘાતીકર્મોની વચમાં પડયું છે એટલે ઘાતી જેવું છે.

વેદનીયકર્મની આગળ પાછળ-મોહનીય અને દર્શનાવરણીય કર્મો છે તે ઘાતી છે એટલે-વેદનીયકર્મ ઘાતીકર્મો ઉદયમાં હોય ત્યારે જ પોતાનો વિપાક દર્શાવે, પણ ઘાતીકર્મો નાશ પામી જાય પછી ન દર્શાવે.

કર્મકાંડ નામે દિગમ્બર ગ્રન્થમાં વેદનીયકર્મને ઘાતી જેવું કહ્યું છે. તે આ પ્રમાણે

'घादिव वेदणीयं मोहस्सुदएण घाददे जीवं'

ઇત્યાદિ-( વેદનીયકર્મ ઘાતી જેવું છે. તે જીવને મોહના ઉદયપૂર્વક વિપાક બતાવે છે. )

એ જ પ્રમાણે-

'घादीणं मज्झे तम्हा गणिदं दु वेदणियं'

( માટે વેદનીયકર્મ ઘાતીકર્મોની વચ્ચમાં ગણ્યું છે. )

આ પ્રમાણે દિગમ્બરોનું કથન છે તે યુક્તિ-શૂન્ય છે, કારણ કે-જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય અને મોહનીયની વચ્ચે રહેલું વેદનીયકર્મ જો ઘાતી જેવું હોય તો મોહનીય અને અંતરાય કર્મની વચ્ચે રહેલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નાડપારખુ–સૂરીશ્વર

લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

## નિરાશા કેવી !

'સર્વમંગળમાંગલ્યમ્' રૂપ મંગલિકની પૂર્ણાહૂતિ જ્યાં સૂરિમહારાજે કરી, ત્યાં તો એનું છેલ્લું પદ 'जैनं जयति शासनम्' શ્રાદ્ધગણે ઉપાડી લઇ, બુલંદ અવાજે વસતીને ગજાવી મૂકી. નરનારી વૃંદે વ્યાખ્યાન-મંડપમાંથી ગુરુને વંદન કરી વિદાય થવા માંડ્યું. આચાર્યશ્રીની અમૃતપૂર્ણ દેશનાની પ્રશંસાના ઉદ્‌ગાર-થી વાતાવરણ મોહક બની રહ્યું.

ત્યાં તો સંઘના મુખ્ય મુખ્ય અગ્રણી લેખાતા ચાર ગૃહસ્થો ગુરુદેવ સમીપ ઊભા રહી પાસે ઉભેલા નગરશેઠ પ્રતિ આંગળી ચીંધી નમ્ર સ્વરે બોલ્યા—

ગુરુદેવ ! સંઘપતિના માનનીય પદેથી શેઠશ્રી છૂટા થવા માંગે છે ! અમોએ તેઓને તેમ ન કરવા બહુ બહુ સમજાવ્યા પણ તેઓ 'એકના બે થતા નથી !' તેમના સરખા ધર્મનિષ્ઠ અને ઉપસ્થિત થતાં દરેક કાર્યોમાં ઉમંગભેર દાન દેનાર સજ્જનને બદલે એ મહત્ત્વના સ્થાન માટે અમને કોઈ અન્ય ભાગ્યશાળી જડતો નથી. વળી તેઓ એવા જઇફ પણ નથી કે જેથી તંત્ર સંચાલન ન કરી શકે. આપશ્રીની વાણીથી જરૂર તેઓ પોતાનો વિચાર પડતો મૂકશે અને અમારા સંઘને જે પ્રશ્ન આજે કેટલી રાતોના ઉજાગરા કરાવી રહેલ છે તેનો સફળ અંત આવશે

નગરશેઠ, જ્યારે સકળ સંઘનો તમારા પ્રત્યે આવો સદ્‌ભાવ છે તો પછી એવું તે કયું કારણ છે કે આવો અણમૂલો લાભ તમો ચાલીચલાવીને ત્યજી દેવા તૈયાર થયા છો ? સાંભળવા મુજબ નથી તો તમોને ધંધાની જવાબદારીનું ઝાઝું રોકાણ કે નથી તો કુટુંબ અંગેની ખાસ કંઇ ઉપાધિ.

જ્ઞાની ભગવંતો કહે છે કે—

**देहे द्रव्ये कुटुंबे च सर्वसंसारिणां रतिः ।**
**जिने जिनमते संघे, पुनर्मोक्षाभिलाषीणाम् ॥**

દેહની શુશ્રૂષા, દ્રવ્યનું ઉપાર્જન અને કુટુંબનું પાલનપોષણ કરવાનું ખાસ શીખવવું પડતું નથી. એમાં તો સર્વને સહજ આનંદ હોય છે જ. બાકી, જિનેશ્વરદેવના સંબંધમાં, તેઓશ્રીએ પ્રતિપાદન કરેલ જૈન ધર્મમાં, અને તેઓએ સ્થાપેલ ચતુર્વિધ સંઘના કામોમાં સૌ કોઇ રસ લઇ શકતા નથી. જેઓને મોક્ષની અભિલાષા હોય છે એવા આત્માઓ જ ઉમંગપૂર્વક એમાં સમય ખરચે છે.

માટે તમારા સરખા ધર્માત્માએ સુકૃતની દલાલી-રૂપ એ કાર્યને છોડી દેવાનો વિચાર સરખો પણ ન કરવો.

નીતિકાર વદે છે કે–જ્યાં લગી આ શરીર સ્વસ્થ છે અને ઘડપણ આવ્યું નથી, વળી ઇંદ્રિયો શિથિલ થઈ નથી, અને આયુષ્યનો તંતુ તૂટ્યો નથી, ત્યાં સુધી યથાશક્તિ વીર્ય ફોરવીને આત્મશ્રેયના કાર્યો

---

આયુ, નામ અને ગોત્ર એ ત્રણ કર્મો ઘાતી જેવા કેમ ન માનવા ? ઘાતીની વચ્ચે રહેલ વેદનીયને જો ઘાતીની અસર થાય છે તો ઘાતીની મધ્યમાં રહેલા એ ત્રણ કર્મોને અસર કેમ ન થાય ? અને જો એક બીજા કર્મોની અસર એ રીતે એક બીજા ઉપર માનવામાં આવે તો વેદનીય અને આયુષ્ય એ બે અઘાતીકર્મ વચ્ચે રહેલ મોહનીય કર્મને અઘાતી જેવું કેમ ન માનવું ? માટે–આવી મનસ્વી સર્વ કલ્પનાઓ કેવળ પોતાના મિથ્યામતને પુષ્ટ કરવા માટે પ્રમાણ વગરની–પક્ષપાત કલ્પનાઓ છે, એમાં કાંઇ તથ્ય કે વજૂદ નથી.

એટલે વેદનીયકર્મના ઉદયજન્ય ક્ષુધા અને તે અંગે કવલાહાર કેવળીને અંગે માનવો એ એ સપ્રમાણ છે.

(ચાલુ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યા જવા. એમાં પીછેહઠનો વિચાર સરખો પણ ન કરવો. કારણ યમરાજનો હુંકારો થતાં, કરવાની ઇચ્છા થશે તો પણ એ કારગત નિવડનાર નથી. ચોરાશી લક્ષ જીવાયોનિયોમાં પુનઃ ક્યારે માનવભવરૂપી સ્ટેશન પ્રાપ્ત થશે એ કોણ જાણે છે? એટલા સારૂ તો જ્ઞાની ભગવંતોએ મનુષ્ય અવતારની દુર્લભતા જણાવવા જૂદા જૂદા દશ દૃષ્ટાન્તો વર્ણવેલા છે.

પૂજ્યશ્રી, ખસી જવા પાછળ મારું કારણ જુદું છે. બાકી હું એટલું તો શ્રદ્ધાપૂર્વક માનું છું કે પૂર્વની પુન્યાઈ વગર સંઘપતિ જેવું પદ મળે જ નહીં અને એમાં પણ આ બધા સાથીદારોનો મારા ઉપરનો સ્નેહ, એ તો વર્ણવ્યો જાય તેમ નથી. દરેક કાર્યોનો ખરો ભાર વહન કરનારા તો તેઓ જ છે; મારે તો માત્ર જીભ હલાવવાની હોય છે.

શ્રેષ્ઠિ! જો તમારું કારણ કહેવામાં વાંધો ન હોય તો મને સુખેથી જણાવો. એ દૂર કરવામાં બનતી સહાય કરવાનો મારો ધર્મ છે. 'ખાનગી' હોય તો ચાલો મારા કમરામાં.

ગુરુદેવ, એવું કંઇ ખાનગી નથી. મારા સાથીદારો પણ જાણે છે. મારો પુત્ર સાવ નાસ્તિક છે. હું જ્યારે ધર્મને સર્વસ્વરૂપ લેખું છું ત્યારે એ ધર્મને ઢંબક-મત પ્રવર્તકોએ પાથરેલી જાળ-માને છે, જેને પોતાના ઘરમાં આ રીતે ધર્મ-હેલના થતી હોય તે કયા મુખે અન્યને શિખામણ કે દોરવણી આપી શકે? પગ તળે બળતું ન જોનાર, સામાના માથે બળતું જોવા જાય એવી હાસ્યાસ્પદ દશા મારી છે. મારા અપત્યની આવી વિપરીત વલણ મને અંતરમાં ખટકે છે.

સુશ્રાવક! તીર્થંકર દેવના ઉપાસકને આમ નિરાશ થવું ન શોભે. કર્મની ગતિ વિચિત્ર કહેવામાં આવી છે તે રહસ્યમય છે. સાંભળવા મુજબ તમારો આ પુત્ર વિનયી છે અને રાજદરબારમાં પણ સારો મોભો ધરાવે છે. વળી વ્યવહાર-વ્યાપારની સર્વ જવાબદારી એણે ઉપાડી લીધી છે. એ ભલે તમારા કથન પ્રમાણે શ્રદ્ધાહીન હોય, પણ તમારા કોઇ પણ ધાર્મિક કે સામાજિક કાર્યમાં આડો હાથ ધરતો નથી. જો આ ખરૂં હોય તો જરૂર એને સમજાવી શકાશે.

પૂજ્ય મહારાજ! 'ખાટલે ખોડ એ જ છે ને કે એને ચોથો પાયો નથી!' વટ-વ્યવહારની નિષ્ણાતતાનો, જો એ પાછળ ધાર્મિકતાનો રંગ ન હોય તો, મારે મન કંઈ જ ઉપયોગ નથી. પૂર્વજોની પ્રતિષ્ઠા જોખમાય, પિતાના કૂળને ઝાંખપ લાગે, અને પોતાનો માનવ જન્મ હારી જવાય. 'ધર્મ' પુરુષાર્થ વગરના અર્થ-કામ નામના પુરુષાર્થો દુન્યવી નજરે ભલે મહત્તા ધરાવતા હોય, પણ મારી દ્રષ્ટિયે તો અવગતિએ લઇ જનારા-ઊંધે ચીલે શકટને ખેંચી જઈ ધાયમાં નાખનારા-બેલ જેવા છે. મેં એને સમજાવવા માટે ઓછા પ્રયાસ નથી કર્યા!

એક વાર આગ્રહ કરી હું વ્યાખ્યાનમાં તેડી લાવ્યો. ધ્યાનથી પ્રવચન શ્રવણ કરવા જણાવ્યું અને અંતે શંકા-સમાધાન કરવાની છૂટ પણ આપી. દેશના અંતે જ્યારે ગુરુમહારાજે પૂછ્યું કે-ભાઇ, કંઈ પૂછવું છે? ત્યારે એ ઝટ બોલી ઉઠયો-મારે એક કાને અક્ષરો અથડાતા ને બીજા દ્વારેથી નિકળી જતા, મેં જમીનમાં કીડીઓનું દર હતું તે તરફ લક્ષ્ય દોર્યું હતું. એમાંથી ૨૫૧ કીડીઓ બહાર આવી અને એક્યાશી એમાં પ્રવેશી!

આવો વિચિત્ર જવાબ સાંભળી સૌ હસવા લાગ્યા. ગુરુજી પણ મૌન બની ગયા અને મારી શરમનો પાર ન રહ્યો!

સાહેબ, પુત્ર પ્રત્યેના મમત્વથી ગયા ચાતુર્માસમાં ફરીથી એક વાર હું તેને ઉપદેશ સાંભળવા આચાર્ય મહારાજ પાસે લાવેલ અને તાકીદ કરેલી કે દ્રષ્ટિ નીચી ન રાખતાં ગુરૂજીના વદન સામે રાખજે. પણ જ્યારે પરિણામ ચકાસવા માંડયું ત્યારે મારા એ કુળદીપકે જે કહ્યું તેથી ગુરુજી ખસીયાણા પડયા અને મને આવા સંતાનના પિતા કહેવડાવવા કરતાં વાંઝીઆ ગણાવાનું સારું લાગ્યું! સાંભળવાનું તો દૂર રહ્યું પણ એણે કહ્યું કે-

મહારાજ, આપનો હડીઓ શાસ્ત્ર વાંચતી વખતે ૧૩૫ વાર ઊંચો-નીચો થયો, પણ પાંચેક વેળા આપ એવી ઉતાવળથી-ગરબડ કરી-બોલી ગયેલા કે જેથી એની ચોક્કસ ગણત્રી ન થઈ શકી. બોલો મારી વાત સાચી છે કે ખોટી!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અલ્યા ! તું આ ધર્મસ્થાનકમાં ઉપદેશ સાંભળવા આવ્યો છે કે મારી પરીક્ષા લેવા ! આવા નાસ્તિક જેવા વાકયો ઉચ્ચારતાં શરમ નથી આવતી ! વડિલનું તો અપમાન કરે છે પણ મારા સરખા ગુરુનું પણ માન જાળવતો નથી !

મહારાજ ! મારે ધરમ એ કઇ ચીડિયાનું નામ છે તે જાણવાની જરાપણ ઇચ્છા નથી. આ તો પિતાશ્રી પરાણે ખેંચી લાવ્યા એટલે સમય નકામો ન જાય તેથી ગણત્રી કરી લીધી ! જીવન સામે સંખ્યાબંધ ચીજોનો ઉકેલ કરવાનો પ્રશ્ન રોજબરોજ ખડો થાય છે ત્યાં પરલોક અને જે પરોક્ષ છે એમાં કોણ ડાહ્યો આદમી માથું મારે ? આપનું એ તત્ત્વજ્ઞાન જિંદગીના ઉલ્લાસથી હાથ ધોઇ બેઠેલા આ ઘરડેરાઓને સંભળાવો–ભલે તેઓ અચરે અચરે રામ પોકાર્યા કરે.

ગુરુદેવ ! ઉપર વર્ણવી તેવી વિલક્ષણ ને વાહીયાત વાણી સાંભળ્યા પછી મેં તો એ નાસ્તિકને ઉપાશ્રયમાં લાવવાનું જળ મૂકયું છે. મને એનું વર્તન જરા પણ રુચતું નથી. કેટલીયે વાર વિચાર આવે છે કે–મારા કુળમાં આં અંગારો કયાં પાકયો ?

શ્રેષ્ઠિવર્ય ! સમજુ થઇને શા માટે આવી ખોટી વિચારણા કરો છો ? સંસારના જીવો અંગે જે વિલક્ષણતા જોવાય છે એ પાછળ પૂર્વસંચિત કર્મોની જાળ પથરાયેલી હોય છે, એ તો તમો જાણો છો ને ? સીત્તેર કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટી સ્થિતિ ધરાવનાર **મોહરાજા** તમારા ચિરંજીવી કરતાંયે વધારે કડવી ને દુઃખદાયી વાણી વદનારા, મહાહિંસાના કામ કરનારા, અરે ! સતત પાપના વેપારમાં જ રત રહેનારા, આ સંસારરૂપી રંગભૂમિ પર આવી, વિનાસંકોચે પોતાનો વેશ ભજવી જનારા–પાત્રો સર્જાવે છે, સૌ કોઇને ધર્મની વાત એકદમ ગમતી નથી જ એ કારણે તો ધ્યેય સામે લક્ષ્ય રાખીને શ્રમણધર્મમાં હોવા છતાં નવરસથી ભરપૂર સાહિત્યસર્જન દીર્ઘદર્શી મહાત્માઓએ કરેલ છે. કડવી ગોળી કોઇને ગળવી ગમતી નથી એટલે એને મીઠાશવાળી ( સુગર કોટેડ ) કરવી પડે છે. અનંતકાળથી ભવભ્રમણ કરતો જીવ મોહરાજાની સીતેર કોડીમાંથી અગ્નોત્તેર કોડી ઓછી કરી નાંખીને માંડ ગ્રંથીભેદ નજિક આવે છે. **યથાપ્રવૃત્તિકરણરૂપ** આ પહેલા તબક્કામાંથી વીર્યનો વેગ વધારે તો બીજા **અપૂર્વકરણ** નામા તબક્કે પહોંચે છે. **ત્રીજા અનિવૃત્તિકરણનો** સ્વાદ ચાખવાનો પ્રાપ્ત થાય છે. શાસ્ત્રકારો ત્યારે જ **સમ્યક્ત્વપ્રાપ્તિ** બતાવે છે. એનું નામ જ ધર્મ સન્મુખ આવવાની ભૂમિકા કહેવાય છે.

તમારા સરખા ધર્મિષ્ઠને આ વાત ઇશારારૂપે ટૂંકમાં એટલા સારુ જણાવવી પડી છે કે–તમો સાગર માફક ગંભીરતા ધારણ કરો, સંઘપતિ જેવા મોભાને જરાપણ નિરાશ થયા વગર સંભાળી રાખો. ' લાખો નિરાશામાં અમર આશા છુપાઇ છે ' એ કવિવચન યાદ કરો.

કેટલાક જીવોનો પૂર્વનો વારસો વિચિત્ર હોય છે, પણ જયાં એકાદ પ્રસંગે એને એવો ધક્કો પહોંચે છે કે સારું યે જીવન ત્યારથી પલટાઇ જાય છે. એ માટે સાહિત્યના પાને અર્જુનમાળી, દ્રઢપ્રહારી આદિના ઉદાહરણો નોંધાયેલા મોજુદ છે. એ કારણે તો જ્ઞાની ભગવંતોએ ઉચ્ચાર્યું છે કે–

## ' कम्मे शूरा धम्मे शूरा '

મેં તો હજુ તમારા એ અપત્યને નજરે નથી દીઠો, છતાં તમારી વાત ઉપરથી કહી શકું છું કે એ માર્ગે આવશે. સાચો કુલદીપક બનશે. ફક્ત એની નાડ પારખી નિદાન કરવાની જરૂર છે. આજે રાતના તમો એને હું બોલાવું છું એમ કહી ઉપાશ્રયે મોકલજો.

તહત્તિ કહી શેઠ વિદાય થયા. મનમાં તો પુનઃ મશ્કરી થવાના ભણકારા વાગતાં હતાં; છતાં સ્નેહના બંધનથી ગુરુનો આદેશ પુત્રને સંભળાવ્યો.

પુત્રે પણ મનમાં નક્કી કર્યું કે આ વેળા તો મહારાજને એવા બનાવવા કે ફરીથી આ ડોસાજી સંદેશો લાવવાનું જ ભૂલી જાય

આ બુઢ્ઢાએ તો ધરમં ધરમ પોકારી યુવાનોમાં જોમ જ રહેવા દીધો નથી ! યુવાનીના તનમનાટને સ્થાને અકાળે વૃદ્ધત્વ આણ્યું છે ! ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંન્યાસના જોખમો

શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'

સંન્યાસ ગ્રહણ કરવાની પદ્ધતિઓ દરેક ધર્મમાં ઓછા વધતા પ્રમાણમાં તો હોય છે જ, પણ દરેક પ્રકારમાં જુદી જુદી પદ્ધતિ સ્વીકારવામાં આવેલી છે. તેથી સંન્યાસથી ઉત્પન્ન થતા વૈરાગ્યમાં અનેક પ્રકારની તરતમતા ઉત્પન્ન થએલી છે. સંસાર કાયમ રાખીને પણ સંન્યાસ લીધો છે એમ માનનારા લોકો હોય છે. તેમ ફક્ત સ્ત્રીત્યાગ કરી બધા જ સંસારી કાર્યો કર્યાં છતાં સંન્યાસ લીધો છે એમ કેટલાક માને છે. કોઈ ઘેર ઘેર જમવા જાય છે અને કેટલાએક રસોડા ચલાવીને પણ સંન્યાસ પાળે છે. વેષપલટો કરીને અનેક વૈદ્યક, જ્યોતિષી, સામુદ્રિક થઇ ધંધો ચલાવે છે અને વેષને કમાણીનું સાધન બનાવી લ્યે છે. એમ ગણવા બેસીએ તો અનંત પ્રકારો અને પદ્ધતિઓ ગણાવી શકાય, પણ સંન્યાસનો સાચો અર્થ જે ત્યાગ-પ્રધાનપણું તે ઘણા ઓછા પ્રકારોમાં જોવામાં આવે છે. જૈન પદ્ધતિના સંન્યાસનો અર્થ સમજી જે પદ્ધતિ નક્કી કરવામાં આવી છે તે તટસ્થવૃત્તિથી જોતાં અત્યંત સમ્યક્ અર્થાત્ અર્થપૂર્ણ છે એમાં શંકા રાખવાને જરાએ કારણ નથી. જૈન સાધુઓ ઘરબાર, સ્ત્રીપરિવાર અને મિલ્કતનો સર્વથા ત્યાગ કરે છે અને નિર્દોષ ભિક્ષાવૃત્તિ ઉપર પોતાનું ઊંચું જીવન ગાળે છે. જૈન મુનિઓના આચારમાં જ્યારે શિથિલતા કે લોભ અને માનની વૃત્તિ પેઠી ત્યારે તે ખંખેરી કાઢવાનો પ્રયોગ પણ તે વખતના જ્ઞાની આચાર્યોને કરવો પડ્યો. અને તે સમયાનુકૂલ હોવાને લીધે તેમાં તેમને યશ પણ મળ્યો.

જ્યાં સુધી સંન્યાસી નિત્ય જરૂરી ક્રિયાકાંડમાં જ અટવાઇ રહે છે ત્યાં સુધીની વાત જુદી હોય, પણ અધ્યયન અને વાચન પછી પંડિતની પંક્તિમાં એ જઇ બેસે છે ત્યારે એના ઉપરનું જોખમ વધી જાય છે. એવે પ્રસંગે વિનય સાચવવો એના માટે મુશ્કેલ અથવા અશક્ય જેવો થઇ પડે છે. સામાન્ય કરતાં પોતે કંઇક વિશિષ્ટ કોટીનો છે એમ માનવા એ લલચાય છે. અને પછી એ પોતે કોઇ ઊંચી કોટીનો મહાજ્ઞાની છે એવો અહંભાવ એનામાં જાગે છે. અને સ્વાભાવિક રીતે જ એનામાં નમ્રતા રહેતી નથી અર્થાત્ વિનયનો ગુણ લોપાઇ જાય છે અને પછી તે બધાઓને તુચ્છ ગણવા માંડે છે. એને જ્ઞાનનું અજીર્ણ થવા માંડે છે અને ત્યાર પછી એ સાધકની પદવી ગુમાવી બેસે છે. પોતાની મહાન્ પદવી સાથે વિદ્રોહ કરતાં કરતાં એ નીચે જ ઉતરતો રહે છે અને પોતે ક્યાં જઇ રહ્યો છે, અને કેવો ગબડી પડે છે એનું એને ભાન પણ થતું નથી. અમો ભારપૂર્વક કહીએ છીએ કે એનું સ્થાન—

**प्रासादशिखरस्थोऽपि काको न गरुडायते ।**

એવું બની જાય છે. ઊંચી પદવી ધારણ કરવા છતાં એની પાસે એ પદવીનો ગુણ રહેતો જ નથી. ઉપરના સુભાષિતમાં કહ્યા મુજબ મોટા રાજમહેલના શિખર ઉપર જઇ બેસવાથી કાગડો, કાગડો મટી ગરૂડ થઈ શકતો નથી. કાગડો ઊંચા સ્થાન ઉપર જઇ બેસે તો પણ તેનામાં ઊંચા ગુણો આવી જતા નથી અર્થાત્ એ કાગડો જ રહે છે. તેમ ગમે તેટલી ઊંચી પદવી ધરાવનારો કોઈ હોય છતાં એ કાગ ઊંચો થઇ જતો નથી સાધુપણાનો મુખ્ય ગુણ જે અહંતાનો ત્યાગ એ જ જ્યાં નષ્ટ થઇ ગએલો હોય, વિનય અને વૈરાગ્ય પણ સ્વાભાવિક રીતે જ પલાયન કરી ગએલા હોય ત્યાં પંચ મહાવ્રતો ટકે જ કેમ? રાતદિવસ અન્યોના દોષ જ જોવાનો જેને રંગ લાગેલો હોય, અને પોતાનું સર્વોપરીપણું સ્થાન જમાવવાની જ જ્યાં ધૂન લાગી ગએલી હોય ત્યાં સત્ય અને અહિંસાનું સ્થાન જ ક્યાં રહ્યું? હું અને હું જ સાચો છું અને બાકી બીજા ખોટા જ હોવા જોઇએ એવી માન્યતા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઈ જવા પછી પદવીધરોનો પણ આત્મવિકાસ શી રીતે સધાય? સ્યાદ્વાદ અને અનેકાંતના દૃઢ પાયા ઉપર જે ધર્મનું આખું મંડાણ થએલું છે અને જુદી જુદી અપેક્ષાએ મતભેદને જ્યાં અવકાશ મનાતો હોય ત્યાં એકાંત જોહુકમીપણું ચલાવાતું હોય અને અન્યોને મારીમચડી જબરીથી પોતાની જ માન્યતા વળગાડી દેવાની લાલચ અને જોહુકમી કરવા રાતદિવસ પ્રયત્ન થતા હોય ત્યાં બીચારી પદવી લજ્જાથી નીચે માથું ઘાલી બેસે એમાં આશ્ચર્ય શું?

રાતદિવસ દોષૈક દૃષ્ટિ રાખી અન્યોના દોષો મરડીમચડી પણ દેખાડવાની વૃત્તિ હોય અને એમાં જ પોતે મોટી બહાદુરી અને ધર્મસેવા કરે છે એમ મનાતું હોય ત્યાં સાધુપણું ટકે ખરૂં? ઈર્ષ્યા, દ્વેષ, ક્રોધ, માન વિગેરે આત્માના શત્રુ છે. એ છોડવા જોઈએ એવો ઉપદેશ કરનારા પોતે જ એ રોગોથી પીડાતા હોય ત્યારે એની અસર કેવી થાય? જેમની પાસે જવા માત્રથી ઈર્ષ્યા, દ્વેષ, ક્રોધ વિગેરે દોષો નષ્ટ થવા જોઈએ ત્યાં જ એ દોષોનો પ્રાદુર્ભાવ થતો હોય ત્યારે એ ઘટના કેવી! એ તો પાણીમાંથી આગ પ્રગટી એમ જ થયું ને?

સંન્યાસમાં એ જીરવવાની શક્તિ કાંઈ સ્વયંસિદ્ધ હોતી નથી. સ્થૂલ અને બાહ્ય વસ્તુઓ છોડવી ઘણી વખત સુલભ હોય છે, પણ અંતરંગમાં રહેલી ઉપાધિઓ છોડવી એ અશક્ય પ્રાય છે. કોઈક મહાત્મા એ કરી શકે છે અને એ જ્યાં સુધી છોડી શકયા નથી ત્યાં સુધી સંન્યાસની સિદ્ધિ થઈ એમ માનવું એ કેવળ ભ્રમ છે. મોટા મોટા પદવીધરો અને પ્રતિષ્ઠિત સંન્યાસીઓ અને સંયમીઓ પણ હંમેશ રાગ, દ્વેષ અને અહંકારથી ઘેરાએલા રહે છે અને એટલા માટે જ સંન્યાસ પાછળ મોટું જોખમ વળગેલું હોય છે એમ અમો કહીએ છીએ.

પ્રભુ મહાવીર ભગવાનના વિશ્વભૂતિના ભવનો દાખલો અમો આગળ ધરીએ છીએ. વિશ્વભૂતિ ભોગવિલાસમાં મસ્ત હતો. ઉદ્યાનમાં એ હમેશ ક્રીડા કરવા જતો. અને ત્યાં જવા માટે એના જ ભાઈ વિશાખનંદીને એ ઉદ્યાનમાં જવાનો કયારે પણ સમય આપતો નહીં. એની માતાએ રાજાને ભરમાવી વિશ્વભૂતિને ત્યાંથી કાઢવાનું કાવત્રું રચ્યું. ખોટું નિમિત્ત યોજી વિશ્વભૂતિને માટે ઉપર મોકલ્યો. અને વિશાખનંદીને ઉદ્યાનમાં ક્રીડા કરવા મોકલવામાં આવ્યો. લડાઈનું કાંઈ કારણ જ ન હતું તેથી વિશ્વભૂતિ પાછો ફર્યો. એના ઉદ્યાનમાં તો વિશાખનંદી ક્રીડા કરતો હતો, તેથી એનો ક્રોધ ખૂબ વધ્યો. ત્યાં એક કોઠાનું ઝાડ હતું. વિશ્વભૂતિએ જણાવ્યું કે, આ કોઠાના ઝાડ ઉપરથી એક મુક્કાથી કોઠા પાડી નાખું તેમ તમારા બધાઓના માથા ક્ષણવારમાં ભોંય ભેગા કરી નાખું એવી મારામાં શક્તિ છે. એમ કહી તરત જ વિશ્વભૂતિએ ઝાડને મુક્કો મારી બધા કોઠા નીચે પાડી નાખ્યા. ત્યારપછી પોતાની અને જગતની સ્થિતિનો એને વિચાર આવ્યો. એને બધે જ ક્ષણભંગુરતા જણાઈ. વૈરાગ્ય જાગ્યો અને વિશ્વભૂતિએ સંન્યાસ દીક્ષા ગ્રહણ કરી. તપશ્ચર્યા કરી અને દેહ શુષ્ક બનાવી દીધો. એકદા વિશ્વભૂતિ મુનિ ભિક્ષાર્થે ફરતા હતા ત્યારે એક ગાયની અડફેટમાં તે આવી ગયા અને ઢળી પડયા. વિશાખનંદીના જોવામાં એ પ્રસંગ આવ્યો.

એક તપસ્વી મુનિ ઉપર આવી આપત્તિ આવેલી જોતાં તો કોઈ પણ મનુષ્યને દુઃખ થાય અને તે મુનિની તે સેવા–સુશ્રૂષા કરે. પણ બન્યું જુદું જ. વિશાખનંદીએ વિશ્વભૂતિ મુનિની મશ્કરી કરી અને આવા પ્રસંગે કડવા શબ્દો કહ્યા કે કોઠા પાડવાના પ્રસંગની તમારી શક્તિ કયાં ગઈ? એ શબ્દો બાણની પેઠે વિશ્વભૂતિના હૃદયમાં પેસી ગયા. એને પરમ દુઃખ થયું. ક્રોધની આગ ભભૂકી ઉઠી. જે ક્રોધાગ્નિ ઠારી દઈ દીક્ષા ગ્રહણ કરેલી તેજ અગ્નિ પુનઃ પ્રગટ થયો. પોતાના વ્રતને તે ભૂલી ગયા. ઊંચે ચઢેલો આત્મા એકદમ નીચે ગબડી પડયો. વાસ્તવિક એવા પ્રસંગે ક્ષમાને અનુસરવું યુક્ત હતું, પણ એ બધું ભૂલાઈ ગયું. સંન્યાસ કે સંયમ ભૂલાઈ ગયો. અને ક્રોધે એ આત્માનો કબ્જો કરી લીધો. અમૂલ્ય એવો પુણ્ય સંચય તપશ્ચર્યા કરી કમાવેલો એ માટીના મૂલ્યે વેચવા તેઓ તૈયાર થઈ ગયા. જે વસ્તુ લાખ રૂપીઆ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખરચી પણ ન મળે તે મફતમાં આપી દેવા તૈયાર થયા. જ્યારે વિકારો પ્રગટ થાય છે ત્યારે વિચાર કરવાને અવસર મળતો નથી. વિકારવશતા એ માનવનું ભાન ભુલાવી દે છે. વિશ્વભૂતિમુનિને પણ એમ જ સૂઝયું. પોતાના તપનું કાંઈ ફળ હોય તો હું આવતે ભવે ખૂબ બળશાલી થઉં એવો સોદો એમણે કર્યો. આત્માની આધ્યાત્મિક ઉન્નતિ મેળવી આત્માનું જે બળ વધારેલું હતું તે કેવળ પાશવી બળ મેળવવા માટે વેડફી નાખવાનું એમણે ઠરાવ્યું. હીરો આપી બદલામાં કાળો જડ પત્થર લેવાનું તેમણે નક્કી કર્યું. કેવી દશા ! કેવી આપતિ ! !

સંન્યાસ અગર સંયમમાં આવા આવા અનેક જોખમો ભરેલા છે. જરા પગ લપસે તો ઘોર અંધારી ખાઈમાં જઈ આત્મા ગબડી પડે છે. એ અનુભવજન્ય સત્ય પ્રભુ મહાવીર જાણતા હતા, તેથી જ પોતાના પરમદક્ષ અને પટ્ટ શિષ્ય મહાત્મા ઇંદ્રભૂતિ ગૌતમ ઋષિને પણ સાવચેત રહેવાનું એમણે સૂચન કરેલું હતું. કામ, ક્રોધ, લોભ, મોહાદિ આત્માના શત્રુઓ તો હમેશાં જરા જેવું પણ બાકોરૂં શોધતા જ રહે છે; તેઓ એક પણ તક જતી કરતા નથી.

વિશ્વભૂતિ જરા જેવો પણ વિચાર કરત કે, વિશાખનંદી હજુ સંસારના મોહના કીચડમાં સડે છે. એ ભાન ભૂલી સંયમી સાધુનો છલ કરે એ એના માટે શક્ય છે. પણ હું પોતે સંયમી થયો છું. સંન્યાસની મેં પ્રતિજ્ઞા લીધી છે. તેથી એ પામર પ્રાણી જેવું વર્તન મારાથી કેમ થાય ? એક અજ્ઞ બાલક કાંઈ ભૂલ કરી બેસે તેવી જ ભૂલ કેળવાએલ અનુભવી યુવાન શી રીતે કરે ? અજ્ઞાનસુલભ કાર્ય જ્ઞાની શી રીતે કરે ? એટલો જ વિચાર જાગૃત થયો હોત તો વિશ્વભૂતિની કેટલીએ દુર્ગતિની આપત્તિઓ ટળી ગઈ હોત.પણ એમ બન્યું નથી. એટલે જ સ્પષ્ટ જણાય છે કે સંયમ એ બાલચેષ્ટા જેવી સુલભ વસ્તુ નથી. એના માટે વજ્ર જેવું હૃદય થવું જોઇએ. ગમે તેટલા અને ગમે તેવા આઘાતો સહન કરવાની તેનામાં તાકાત હોવી જોઇએ.

આવું વિલક્ષણ જોખમ સંન્યાસ પાછળ રાતદિવસ રહેલું છે, તેથી જ બાહ્ય સંયમી માનવ ગમે ત્યારે પોતાની વાણી ઉપરનો કાબૂ ગુમાવી બેસે છે. ગમે તે સંતપુરુષ માટે યદ્વાતદ્વા બોલી જાય છે, પોતાની હુકમત ચોતરફ ચાલે એવી મેલી ઝંખના એ રાખે છે. પોતાના પામરપણાનું એને ભાન પણ હોતું નથી. શાસ્ત્રનો એકાદ અંશ પણ જેણે જાણ્યો ન હોય એ પારંગતપણાનું બિરુદ પોતાના નામની પાછળ લખવામાં અચકાતો નથી. મતલબ કે, વિચાર કરતી વેળા, કાંઇ વિધાનોનો ઉચ્ચાર કરતી વેળા, અને આચાર કરતી વેળા વારંવાર એ બધું પોતાના સંયમને અનુકૂલ છે કે નહીં તેનો વિચાર કરવો જોઇએ. સિવાય પોતાના જ્ઞાનની મર્યાદા પણ જાણી લેવી જોઇએ. તેમજ પોતે કેટલા પામર પ્રાણી છે એનો વિચાર કરી લેવો જોઇએ. એ નહીં સમજવાના કારણે સંયમી ગણાતા આત્માઓ કેવું અકાર્ય કરી બેસે છે એ અનુભવસિદ્ધ છે. એવું જોખમ સમજી તે ટાળવા તરફ અને શુદ્ધ સાત્વિક વિચાર અને આચાર અમલમાં મૂકવાનું બધાઓને સૂઝે એ જ અભિલાષા.

## પ્રભાવિક પુરુષો :: ભાગ ત્રીજો — લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

શ્રીયુત ચોકસીની સર્વેને ગમી જાય તેવી કલમથી લખાયેલા બે ભાગોની જેમ આ ત્રીજો ભાગ પણ લોકપ્રિય નીવડ્યો છે. આ ત્રીજા વિભાગમાં પૂર્વધર ત્રિપુટી, સમ્રાટ્ ત્રિવેણી અને બંધુબેલડીની કથા ગૂંથવામાં આવી છે; જે વાંચતા અદ્ભૂત રસ મળે છે. શ્રદ્ધાનાં નૂર જેવી આ દરેક કથાઓ અવશ્ય વાંચવા યોગ્ય છે. આશરે સાડાત્રણસો પાનાના પાકા બાઈંડીંગના આ ગ્રંથની કિંમત રૂા. સાડાત્રણ. લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાવાપુરી અને રાજગૃહીમાં પાંચ દિવસ

**શ્રી દીપચંદ જીવણલાલ શાહ**

મનુષ્યને સ્વકલ્યાણ સાધવા માટે આ પાંચમા આરામાં અત્યંત મહત્ત્વના આલંબન બે છે. (૧) જિનમૂર્તિ અને (૨) જિનાગમ.

જૈનશાસ્ત્રોમાં તીર્થંકર ભગવંતોના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ એ પાંચ કલ્યાણકોની પવિત્ર ભૂમિઓને તીર્થ કહેવામાં આવેલ છે.

તીર્થસ્થાનોમાં જનાર યાત્રળુઓને કોઇ અવર્ણ્-નીય શાંતિનો અનુભવ થાય છે કારણ કે તીર્થના પવિત્ર વાતાવરણમાં મનુષ્યો આધિ, વ્યાધિ, ઉપાધિઓને સહજ ભૂલી જાય છે. તીર્થસ્થાનોને સ્પષ્ટ વાચા હોતી નથી, છતાં મૂકવાણી દ્વારા તે યાત્રાળુઓને અજબ પ્રેરણા આપે છે.

હું ગયે વર્ષે (સં. ૨૦૧૩) શ્રી સાબરમતી-(રામનગર)થી જેસલમેર પાવાપુરી સમેતશિખરજી જૈન યાત્રિક સંઘ સ્પેશ્યલ ટ્રેનમાં યાત્રાર્થે ગયો હતો. દરમિયાનમાં વિવિધ તીર્થોની સ્પર્શના કરતાં કરતાં, આહ્‌લાદક વાતાવરણમાં અમે બિહારના પાટનગર પટણા પહોંચ્યા. પટણાથી યાત્રાળુઓને બસમાં પાવાપુરી મોકલવાનું નક્કી થયું તેથી સવારમાં લગભગ આઠ વાગે મારી છેલ્લી બસ પટણાથી ઉપડી. હું લગભગ બાર વાગે જલમંદિર પાસે અમારો ઉતારો રાખેલ હતો ત્યાં પહોંચ્યો. ચા નાસ્તો લઇ પાવા ગામમાં આવેલ મંદિરે હું સેવા–પૂજા કરવા ગયો અને ત્યાંથી અર્ધો માઇલ દૂર આવેલ જલમંદિરમાં સેવા–પૂજા કરવા ગયો તે વખતે જલમંદિરમાં યાત્રાળુઓ ઓછા હોવાથી શાંતિપૂર્વક સેવા–પૂજા કરવાનો અમૂલ્ય લાભ મને મળ્યો.

જલમંદિરમાં વચ્ચે ભગવાન શ્રી મહાવીરસ્વામીના પગલાંવાળી દેરી છે અને પગલાં પર ત્રણ છત્ર છે. તેની જમણી બાજુએ શ્રી ગૌતમસ્વામીના પગલાંની દેરી છે અને ડાબી બાજુએ શ્રી સુધર્માસ્વામીના પગલાં-ની દેરી છે. મેં ચૈત્યવંદન અને સ્તવન શાંતિથી ભાવપૂર્વક કર્યું કારણ કે મુશ્કેલીઓ વેઠીને યાત્રાળુ જ્યારે આવા પવિત્ર સ્થળે પહોંચે છે ત્યારે તેના હૃદયમાં અપૂર્વ આનંદ ઊભરાય છે.

સાંજનું ભોજન લઇ અમારે બસમાં રાજગૃહી જવાનું હતું. મારી છેલ્લી બસ સંધ્યા વખતે ઉપડી. સ્હેજ દૂર ગયા પછી કોઇએ બૂમ પાડી કે બે યાત્રા-ળુઓ પછવાડે રહી ગયેલ છે, તેથી અમારી બસ પાછી ફરી અને જલમંદિરના સરોવર ફરતો આંટો લઇને જલમંદિરના પૂલ પાસે આવી. આમ મને જલમંદિરના સરોવર ફરતી પ્રદક્ષિણા કરવાનું સદ્-ભાગ્ય પ્રાપ્ત થયું. બન્ને યાત્રાળુઓ અમારી ટ્રેનના નહોતા પણ તેઓને સાંજે રાજગૃહી આવવાનો વિચાર થયેલ તેથી અમારી બસની પછવાડે ચાલ્યા આવતા હતા તેઓને અમારી બસમાં જગ્યા હોવાથી લેવામાં આવ્યા અને બસ ઉપડી. રાત્રે લગભગ આઠ વાગે અમારી બસ રાજગૃહી પહોંચી. જૈન ધર્મશાળા યાત્રાળુઓથી ભરચક હતી તેથી ઇતર સંપ્રદાયની ધર્મ-શાળામાં અમારી ટ્રેનના યાત્રાળુઓને ઉતારવામાં આવ્યા હતા. મળસ્કે પાંચ વાગ્યે હું જાગ્યો કારણ કે મારે પાંચ પહાડોની યાત્રા કરવાની ભાવના હતી. વિપુલગિરિ-પહાડ કે જ્યાંથી પાંચ પહાડોની યાત્રા શરૂ થાય છે ત્યાં દિવસ ઊગ્યો ત્યારે હું પહોંચી ગયો અને પહેલો પહાડ ચઢવાનું કાર્ય શરૂ કર્યું. આકાશ વાદળાંઓથી છવાયેલ હતું. ચોમાસાની ઋતુ હોવાથી પાંચે પહાડો લીલાછમ ઘાસથી અને વિકસિત વનરાજીથી મનોહર બન્યા હતા. વળી નયનાકર્ષક વાતાવરણમાં ચારસો પાંચસો યાત્રાળુઓએ લગભગ એક સાથે જ યાત્રા કરવાનું શરૂ કરેલ હતું, તેથી પહાડ પરનું દૃશ્ય પણ રમણિય અને આહ્‌લાદક લાગતું હતું. ત્રીજે પહાડ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચડવો સહેજ મુશ્કેલ ગણાય છે અને તેમાં વળી અકસ્માત્ વરસાદનું ઝાપટું પડેલ હતું તેથી પહાડ પરની સાંકડી કેડી પણ લપસણી બની ગયેલ જેથી અમુક યાત્રાળુઓ ચડતાં ઉતરતાં લપસતા હતા. કોઈક વખત તેવો પ્રસંગ પણ આનંદદાયક બને છે. લપસેલા યાત્રાળુઓ પણ હર્ષભેર ઊભા થઈ પોતાની મંજિલ આગળ લંબાવતા હતા. ત્રીજા પહાડની તળેટીમાં ભાતું આપવામાં આવે છે જેથી યાત્રાળુઓ ભાતું ખાઈ જરા તાજામાજા થઈ ચોથો પહાડ ચડવાનું શરૂ કરે છે. મને ચોથો પહાડ ચડવા ઉતરવામાં જરા મુશ્કેલ જણાયો કારણ કે બીજા પહાડો કરતાં તેનો પંથ લાંબો છે.

ચોથો પહાડ ઉતરીને એક નાળા પાસે ઊભો રહ્યો અને મારી પત્ની જે પાછળ હતા તેમની રાહ જોઈ. થોડીવારમાં તે આવ્યા પણ તેને વિશેષ પરિશ્રમ લાગ્યો હોવાથી, પાંચમો પહાડ, તે દિવસે ચઢવાનું મુલત્વી રાખી, અમે બંને ભાગ્યયોગે મળેલ ટપ્પામાં પાછા ધર્મશાળાએ આવ્યા.

બીજે દિવસે સવારમાં વરસાદ ઝરમર ઝરમર પડતો હોવા છતાં, જેઓએ ગઈ કાલે પાંચમા પહાડની યાત્રા કરી ન હતી તેઓ સર્વ સવારના નવ વાગે પાંચમા પહાડની તળેટીમાં આવ્યા અને પહાડ ચઢી જિનમંદિરમાં દર્શન કર્યા. વૃષ્ટિ શરૂ હતી એટલે પહાડ પરનું પ્રાકૃતિક સૌંદર્ય અલૌકિક હતું, જે નજરે નીહાળતાં સ્વાભાવિક આનંદ અનુભવાતો. બાદ નીચે ઉતરીને ગરમ પાણીના કુંડમાં નાહ્યા. રાજગૃહી તેની સુંદર આબોહવા અને ગરમપાણીને માટે બિહારમાં બહુ પ્રખ્યાત છે, તેથી અન્ય કોમના યાત્રાળુઓ પણ પુષ્કળ પ્રમાણમાં રાજગૃહી આવે છે.

ગરમ પાણી પર્વત પરથી ગાયના મુખ દ્વારા આવે છે અને ન્હાવાની જગ્યાએ કુંડમાં ગાયના લગભગ દશ મુખ હોય છે કે જેમાંથી પાણી ધારારૂપે બહાર નીકળે છે. આવા નૈસર્ગિક ગરમ પાણીથી ન્હાવાની ખૂબ મજા આવે છે, તેથી યાત્રાળુઓ ગાયના મુખ નીચે લાંબા સમય સુધી બેસીને ન્હાય છે. બીજા દિવસની સવારે અમે પાવાપુરી જવા માટે બસમાં બેઠા અને લગભગ દશ વાગે પાવાપુરી પહોંચ્યા.

રાજગૃહી પાવાપુરીથી બાર માઇલ દૂર આવેલ છે. રાજગૃહીની યાત્રા પાંચ પહાડોમાં વહેંચાયેલી છે. (૧) વિપુલગિરિ (૨) રત્નગિરિ (૩) ઉદયગિરિ (૪) અને સુવર્ણગિરિ (૫) વૈભારગિરિ.

રાજગૃહી શ્રેણિક રાજાની રાજધાની હોવાના કારણે ઇતિહાસમાં ખૂબ જ પ્રસિદ્ધિ પામેલ છે. આ નગરીમાં વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામીનો જન્મ થયો હતો. કયવન્ના શેઠ, જંબૂસ્વામી, શાલિભદ્રજી, પુણિયો શ્રાવક, મેઘકુમાર, નંદિષેણમુનિ, રોહણિયો ચોર અને સુલસા શ્રાવિકા જેવા પુણ્યાત્માઓના જન્મથી આ નગરી ધન્ય બની હતી. રાજગૃહી અને તેની આસપાસના પરાઓમાં ( વિભાગોમાં ) ભગવાન શ્રી મહાવીરસ્વામીએ ચૌદ ચોમાસા કર્યા હતા.

વિશ્વના સર્વ જીવો પ્રત્યે મૈત્રી ભાવનાનો અને અહિંસાનો શ્રેષ્ઠ સંદેશો આપનાર ભગવાન મહાવીરસ્વામીએ પાવાપુરીમાં તેમની અંતિમ ક્ષણો પસાર કરી હતી. પાવા ગામમાં આવેલ મંદિર ભગવાનના નિર્વાણસમયનું પવિત્ર સ્મારક છે. જે સ્થળે ભગવાન નિર્વાણ પામ્યા હતા તે સ્થળે મંદિરમાં તેમની પાદુકા બિરાજમાન છે. આસો માસની અમાવાસ્યાના દિવસે ભગવાન મહાવીરસ્વામી નિર્વાણ પામ્યા. દેવોએ અને મનુષ્યોએ ભગવાનનો નિર્વાણ ઉત્સવ ઉજવ્યો અને અગ્નિસંસ્કારની ક્રિયા સમાપ્ત થયા પછી તે સ્થળની ભગવાનના દેહની રાખ કલ્યાણકારી અને પવિત્ર છે તેમ માનીને દેવોએ અને મનુષ્યોએ તે રક્ષા મસ્તકે ચડાવી અને તે પ્રમાણે કરતાં તે જ સ્થળે મોટો ખાડો થઈ ગયો અને વર્ષાઋતુમાં તે ખાડામાં પાણી ભરાવાથી તે સ્થળ સુંદર સરોવર બની ગયું. આ સરોવરની જ મધ્યમાં દેવવિમાન જેવું મંદિર બંધાવવામાં આવેલ છે. આ મંદિર સરોવરની વચ્ચે આવેલ હોવાથી લોકો તેને ' જલમંદિર ' કહે છે. સરોવરમાં પુષ્કળ કમળો ઊગે છે તેથી જલમંદિર અત્યંત મનોહર લાગે છે. જળમંદિરમાં આવેલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાનના પગલાંના દર્શન કરી યાત્રાળુઓ પોતાના આત્માને ધન્ય માને છે.

પાવાથી એક માઈલ દૂર સમવસરણની જગ્યા છે. ભગવાને કેવળજ્ઞાન થયા પછી તે સ્થળે બીજી દેશના આપેલ છે. તે વખતે શ્રી ગૌતમસ્વામી સહિત અગ્યાર મહાપુરુષોએ પરમાત્મા પાસે દીક્ષા લીધી હતી અને ભગવાનના ગણધરો બન્યા હતા. ભગવાને તે સ્થળે ચતુર્વિધ સંઘની સ્થાપના કરી હતી. જ્યારે ભગવાને જાણ્યું કે પોતાનો અંતસમય નજીક છે ત્યારે તેઓએ જનકલ્યાણ માટે આ સ્થળે સોળ પહોરની દેશના આપી હતી. ગત સં. ૨૦૧૩ માં આ સ્થળે સુંદર કોતરણીવાળા અશોકવૃક્ષ નીચે ચૌમુખજીની સ્થાપના કરવામાં આવી છે.

પાવાપુરીમાં અમારી ધર્મશાળા જલમંદિરની બરાબર સામે જ હતી. સૂર્યોદય અને સૂર્યાસ્ત વખતે જલમંદિર અને સરોવરનો દેખાવ ખૂબ જ રમણિય લાગે છે. રાત્રે જલમંદિરમાં લાલ વિજળી દીવાઓ થાય છે. વળી પૂલ પર પણ વિજળી દીવાઓ થાય છે, તેથી રાત્રે જાણે એક દેવવિમાન પૃથ્વી પર ઉતર્યું હોય તેવું રમણીય દૃશ્ય નજરે પડે છે.

આસો વદ ચૌદશને દિવસે રાત્રે આઠ વાગે હું જલમંદિરમાં દર્શન કરવા ગયો હતો. તે વખતે દિગંબર લોકોએ મહાવીર નિર્વાણ દિન ઉજવેલ હતો. દિગંબર બૈરાંઓ રાત્રે જલમંદિરમાં મધુરસ્વરે સમૂહગીત ગાતા હતા તે સમયે જાણે કિન્નરીઓ ગાતી હોય તેવું મધુર સંગીત સંભળાઈ રહ્યું હતું.

અમાવાસ્યાની સવારે ગામના મંદિરમાં દર્શન કરી સમવસરણની જગ્યા જે આશરે એક માઇલ દૂર છે તે જોવા માટે હું એકલો નીકળ્યો. રાત્રે વરસાદના ઝાપટાં પડેલ હોવાથી રસ્તો પગની એડી સુધીના ચીકણા કાદવથી ભરપૂર હતો. હું થોડું આગળ ચાલ્યો ત્યારે ત્યાં જઈને પાછા ફરેલ એક બહેન મળ્યા. તેમણે મને કહ્યું કે "રસ્તો કાદવથી ભરપૂર છે તેથી લાકડીની મદદથી જ જઈ શકાશે." મેં તેમની પાસેથી લાકડી લીધી અને લાકડીની મદદથી કાદવ ખૂંદતો ખૂંદતો એકલો આગળ ચાલ્યો. અર્ધે રસ્તે ગયો તેવામાં તો આકાશ વાદળાઓથી ઘેરાઈ ગયું અને વરસાદ પડવાની શરૂઆત થશે એમ મને લાગ્યું. મારું મન મને કહેવા લાગ્યું કે પાછા ફરવું સારું છે, કારણ કે વરસાદથી પલળીશ તો શરદી થશે અને હેરાન થઈશ ત્યારે મારો આત્મા કહેવા લાગ્યો કે–ભાવનગરથી આટલે દૂર યાત્રાર્થે આવ્યો તો હેરાન થઈને પણ સમવસરણનું સ્થળ જોયા વિના પાછા ફરવું વ્યાજબી નથી, ફરીવાર અત્રે અવાશે નહિ. હિંમત રાખીને હું સમવસરણના સ્થળે પહોંચ્યો. સમવસરણનું બાંધકામ ચાલતું હતું. તે બધું આસપાસ ફરીને ધ્યાનથી જોયું અને પછી ત્યાંથી પાછો ફર્યો. ધીમે ધીમે લાકડીના ટેકાથી ગામના મંદિરે દશ વાગે આવ્યો અને ભક્તિપૂર્વક પૂજા–સેવા કરી.

સાંજે નિર્વાણદિન હોવાથી હું લગભગ આઠ વાગે જલમંદિરે દર્શન કરવા ગયો. પૂલ પર માણસોની ભીડ જામી હતી. રંગમંડપની ત્રણ બાજુ ભાવિક લોકોથી ભરાઈ ગયેલ હતી અને તેઓ ગણણું ગણતા હોય તેમ જણાતું હતું. લગભગ નવ વાગે ત્યાં ગવૈયાઓ આવ્યા અને લગભગ અગ્યાર વાગ્યા સુધી તેઓએ મધુર સંગિત સંભળાવ્યું અને અંતે 'મારે દિવાળી થઈ આજ, જિનમુખ જોવાને' એ સ્તવન સમૂહ સંગીતમાં જનતા પાસે ગવરાવ્યું. જલમંદિર, તેમાં વળી નિર્વાણ–દિન, સમૂહ સંગીત વગેરેને લીધે જીવનનો આ અમૂલ્ય અવસર છે એમ હાજર રહેલા સર્વ મનુષ્યોને જણાતું હતું.

રાત્રે લગભગ અગ્યાર વાગે હું દિગંબરી ધર્મશાળામાં પાછો આવ્યો અને સૂઈ ગયો. સવારે છ વાગે જાગ્યો અને નૂતનવર્ષનો પહેલો દિવસ હોવાથી જલમંદિરે દર્શન કરવા ગયો. ત્યાં પહોંચ્યો ત્યારે સૂર્યોદય થયો હતો. તે સમયે પૂજ્ય આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી તેમના શિષ્યો સાથે જલમંદિર દર્શન કરવા પધાર્યા હતા. તેમની સાથે ચૈત્યવંદન કર્યું. તે સમયે તેમના એક શિષ્યે "મારે દિવાળી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઈ આજ, જિનમુખ જોવાને" એ સ્તવન સમૂહ ગીતમાં ગવરાવ્યું. પ્રભાત, શાંત વાતાવરણ, રમણીય સરોવર, જલમંદિર તથા નૂતનવર્ષનો પહેલો દિવસ તેને લીધે ત્યાં હાજર રહેલા મનુષ્યોના મન પ્રફુલ્લિત જણાતા હતા. ચૈત્યવંદન કર્યા પછી પૂજ્ય આ. શ્રી વિજય-રામચંદ્રસૂરીશ્વર સાથે હું ગામના મંદિરે ગયો.

બપોરે ભગવાનની રથયાત્રાનો વરઘોડો જોયો. વરઘોડો પસાર થયા પછી બહુ જ ધક્કાધક્કીનો અનુભવ થયો કારણ કે તે દિવસે જલમંદિર પાસે મેળો ભરાય છે અને આસપાસના ઘણા લોકો મેળામાં આવે છે. રસ્તો સાંકડો, વળી વરસાદને લીધે રસ્તો કાદવકીચડથી ભરેલો હતો અને લોકોની બહુ જ ભીડ હતી તેથી મારી જેવા સશક્ત માણસને પણ અમુક ફૂટ ચાલતા ઘણો સમય પસાર થયો હતો.

ભગવાનના નિર્વાણસમયે એટલે કે લગભગ ત્રણ વાગે એક મોટો શંકુ આકારની આકૃતિવાળો લાડુ જલમંદિરમાં ભગવાનની પાદુકા સામે મૂકવામાં આવે છે. આ લાડુને "निर्वाण के लड्डु"ના નામે સંબોધવામાં આવે છે. બીજા યાત્રાળુઓ પણ પોત-પોતાની શક્તિ પ્રમાણે નૂતનવર્ષના પહેલે દિવસે શિખરવાળા નાના મોટા લાડુ મૂકે છે. બધી બાજુએ કમળોથી ભરપૂર સરોવરને લીધે જલમંદિર ભવ્ય અને સુંદર લાગે છે, પણ સરોવરની ચારે બાજુએ થોડે થોડે અંતરે સરોવરના કિનારે નાળિયેરીના વૃક્ષો વાવવામાં આવે તો જલમંદિર અને સરોવરનું દૃશ્ય અતિશય ભવ્ય અને રમણીય બને એમ મને લાગે છે. તેથી સરોવરની ચારે બાજુએ કિનારા પર નાળીયેરીના ઝાડો વાવવાની પાવાપુરીની વ્યવસ્થાપક સમિતિને મારી નમ્ર ભલામણ છે.

પાવાપુરીથી નવાદા સ્ટેશને બસમાં જતાં રસ્તામાં જંગલમાં મંગલ જેવું "ગુણીયાજી" નામનું તીર્થ આવે છે. ગુણીયાજી પાવાપુરીથી ચૌદ માઈલ અને નવાદા સ્ટેશનથી બે માઈલ દૂર છે. ભગવાન મહા-વીરસ્વામીના સમયમાં ગુણીયાજી "ગુણશીલ વન" નામથી ઓળખાતું હતું. ભગવાન મહાવીરના અગ્યારે ગણધરોએ ગુણીયાજીમાં અનશન કરી નિર્વાણપદ પ્રાપ્ત કર્યું હતું. ગુણીયાજીનું મંદિર પાવાપુરીના જલમંદિરની જેમ એક સુંદર સરોવર વચ્ચે આવેલું છે, તેથી લોકો તેને "છોટું જલમંદિર" પણ કહે છે. મંદિરમાં ભગવાન શ્રી મહાવીરસ્વામીની રમ્ય મૂર્તિ છે. મૂર્તિની એક બાજુ શ્રી ગૌતમસ્વામીના પગલાં છે અને બીજી બાજુ ભગવાન મહાવીરના પગલાં છે

પોતાનું નિર્વાણ નજીક જાણીને ભગવાન મહા-વીરે ગૌતમસ્વામીને પાવાપુરીની પાસેના ગામમાં દેવશર્મા નામના દ્વિજને પ્રતિબોધ કરવા મોકલ્યા હતા કારણ કે ભગવાન જાણતા હતા કે ગૌતમ મારા પરના સ્નેહને લીધે મારા વિયોગને સહન કરી શકશે નહિ. દેવશર્માને પ્રતિબોધ આપીને પાછા ફરતાં શ્રી ગૌતમસ્વામીએ ગુણીયાજી પાસે ભગવાનના નિર્વાણના સમાચાર સાંભળ્યા હતા. સમાચાર સાંભળીને ગૌતમ-સ્વામીને બહુ જ આઘાત થયો અને બાળકની જેમ નીચે પ્રમાણે વિલાપ કર્યો :–

**"શાસનસ્વામી સંત સ્નેહી સાહિબા**
**અલવેશ્વર વિભુ આતમના આધાર જો,**
**આથડતો અહીં મૂકી મુજને એકલો,**
**માલિક કિમ જઈ બેઠા મોક્ષ મઝાર જો**
**વિશ્વંભર વિમલાતમ વ્હાલા વીરજી."**

હે ભગવાન! મને આપના અંતસમયે પાસે રાખ્યો હોત તો મને તમારા નિર્વાણ સમયે તમારા મુખદર્શનનો લાભ થાત. વળી હે ભગવાન! મને હવે "**ગોયમ**" કહી કોણ બોલાવશે અને મારા પ્રશ્નોના સુંદર જવાબો કોણ આપશે? છેવટે તેમને જણાયું કે હું ભગવાન પરના સ્નેહને લીધે આમ બોલું છું. આ સંસારમાં કોઈ કોઈનું નથી. આવી ભાવના ભાવતાં શ્રી ગૌતમસ્વામીને ગુણીયાજીમાં કાર્તિક શુદ એકમના દિવસે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. અમારી બસના યાત્રાળુઓ પાવાપુરીથી નવાદા સ્ટેશને જતાં ગુણીયાજીમાં દર્શન કરવા ઉતર્યા હતા. અંતમાં–

"ચોવીશમા જિનેશ્વરુ ને, મુક્તિતણા દાતાર રે,
કર જોડી કવિ એમ ભણે પ્રભુ, દુનિયા ફેરો ટાળ
જિનમુખ જોવાને"

એ બે વખત સમૂહસંગીતમાં ગવાયેલી કડીના પડઘા હજુ પણ કોઈ કોઈ વખત મારા આત્માને પ્રભાવિત કરી જાય છે.

For Private And Personal Use Only